### વાહનચાલકો માટે નવો કાયદો : રોકડ ચુકવણી બંધ થશે

# હાઈવેના ટોલનાકા ઉપર પહેલીથી ફાસ્ટેગ દ્વારા નાણાં ચૂકવવા પડશે

## ઈલેક્ટ્રોનિક રીતે ટોલ આપવા માટે જરૂરી FASTags જલ્દી જ પેટ્રોલ પંપો ઉપર મળશે




[ અમદાવાદ ]

હાઈવેના ટોલનાકા ઉપર વાહનચાલક ટોલના દરની ચૂકવણી ૧લી ડિસેમ્બરથી ફાસ્ટેગ દ્વારા ફરજિયાત પેમેન્ટ કરવાનું રહેશે. કેન્દ્ર સરકારે આપેલી સૂચના પ્રમાણે ટોલ પ્લાઝા ઉપરથી અપાની ડિજિટલમાં આ નિયમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એટલે કે તા.૧લી ડિસેમ્બરથી હવે રોકડમાં પેમેન્ટ લેવાનું ટોલ પ્લાઝા બંધ કરશે. આમ સરકાર દ્વારા વાહન ચાલકો માટે નવો કાયદો અમલમાં લાવવામાં આવી રહ્યા છે.

નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન પ્રોગ્રામ અંતર્ગત સરકારે પહેલી ડિસેમ્બર ૨૦૧૯ થી દેશભરના તમામ વાહન ચાલકોને FAST ટેગ લગાવવાનું ફરજિયાત બનાવ્યુ છે. રોકડ વિના ઈલેક્ટ્રોનિક રીતે ટોલ આપવા માટે જરૂરી FASTags જલ્દી જ પેટ્રોલ પંપો ઉપર મળશે અને તેનાથી પેટ્રોલ અને પાર્કિંગ ચાર્જ પણ આપી શકાશે. આટલુ જ નહીં સ્ટેટ હાઈવે અને શહેરના ટોલ પ્લાઝા ઉપર પણ FASTagsની મદદથી ટોલ સ્વીકારવામાં આવશે. સરકારી એજન્સીઓ FASTags ચાલુ કરવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી છે.

FASTagsએ એક સરળ રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (RFID)ટેગ છે જેને વાહનની આગળની વિંડોમાં લગાવવાની જરૂર રહેશે. જ્યારે ભારે વાહન ટોલ પ્લાઝાથી પસાર થાય છે ત્યારે ત્યાં સ્થાપિત મશીન આપમેળે પ્રીપેઇડના ખાતામાંથી ટોલ કાપી નાખે છે. આ સિસ્ટમ દ્વારા રોકડ ચુકવણીની તકલીફ સંપૂર્ણ રીતે દૂર થઈ જશે. NPCLના અધિકારીએ જણાવ્યુ હતુ કે, નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન પ્રોગ્રામ હેઠળ FASTags ઉપર અમારું પ્રાથમિક ધ્યાન છે અને તે બે વર્ષથી ઓછા સમયમાં સંપૂર્ણ રૂપે ઇન્ટરઓપરેટેબલ બનાવી દેવાયું છે.

### બે માસમાં ૧૩૬૦ કરોડ ટોલ એકત્રિત થયો

ઓક્ટોબર-૨૦૧૯માં FASTags થી વાહનો પાસે ૩.૧ કરોડ કરતા વધુના ફેરામાં ૭૦૨.૮૬ કરોડનો ટોલ એકત્રિત કરવામાં આવ્યો હતો. આ અગાઉ સપ્ટેમ્બર -૧૯માં ૬૫૮.૭૪ કરોડ રૂપિયાનો ટોલ એકત્રિત કરવામાં આવ્યો હતો. હાલમાં આ સિસ્ટમ સાથે સંકળાયેલી ૨૩ બેંકો FASTags આપી રહી છે. જ્યારે ૧૦ બેંકોને FASTagsની ચૂકવણી મળી રહી છે. આજની તારીખે રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર ૫૨૮ થી વધુ ટોલ પ્લાઝા ઉપર FASTags દ્વારા ટોલ એકત્રિત કરવામાં આવી રહ્યો છે.

### ૧૦૦ રૂપિયાનું રિચાર્જ થઈ શકશે

૧લી ડિસેમ્બર ૨૦૧૭થી દેશમાં બનાવવામાં આવતી તમામ નવી કાર FASTags લગાવીને જ આવી રહી છે. હાલમાં FASTagsને ટોલ પ્લાઝા ,રિટેલ પીઓએસ સ્થાનો ઉપરાંત અધિકૃત બેંક શાખાઓ, બેંકો અને ઈ-કોમર્સ વેબસાઈટ્સ અને માય FASTags એપ્લિકેશન દ્વારા ખરીદી શકાય છે. તેમ જ ઓછામાં ઓછા ૧૦૦ રૂપિયાનું રિચાર્જ પણ કરી શકાય છે. FASTags ટૂંક સમયમાં પેટ્રોલ પંપ ઉપર પણ ઉપલબ્ધ થશે. આટલું જ નહીં ફક્ત ટોલ જ નહીં પણ પેટ્રોલ- ડીઝલ- સીએનજી અને પાર્કિંગ ચાર્જ ચૂકવવાનું પણ શક્ય બનશે.

સંદેશ
MON,04 NOVEMBER 2019
AHMEDABAD